ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત સેવા પુરી પાડનાર અધિકારી / મુકરર અધિકારીઓ, ફરીયાદ નિવારણ અધિકારી વિગેરેનાં નામ- સરનામાનાં ડિસ્પ્લે બોર્ડ મુકવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: આરસીપીએસ-૧૦૨૦૧૬-૬૯૨-વસુતાપ્ર-૪
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૦૭-૦૧-૨૦૧૯

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.નું તા.૮-૩-૨૦૧૬ નું જાહેરનામું ક્રમાંક: જીએસ /૧૧ /૨૦૧૬ /એનએપી/૧૦૨૦૧૩/૮૧૭/વસુતાપ્ર-૪

(૨) સા.વ.વિ. નો તા.૨૬-૦૫-૨૦૧૬ નો પરિપત્ર ક્રમાંક: આરસીપીએસ - ૧૦૨૦૧૬-૬૯૨-વસુતાપ્ર-૪

## પ રિ પ ત્ર:

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તા.૮-૩-૨૦૧૬ નું જાહેરનામું તથા તા.૨૬-૦૫-૨૦૧૬ ના પરિપત્રથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ તા. ૦૧-૦૪-૨૦૧૬ થી અમલી બનાવવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૪ની જોગવાઇ અનુસાર નાગરીકોને પુરી પાડવાની થતી ૩૬૭ જેટલી સેવાઓ જાહેર કરતા જાહેરનામાં સચિવાલયના સંબંધિત વિભાગો દ્વારા નિયંત્રણ હેઠળની કચેરી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધી પ્રસિધ્ધ કરેલ છે જ્યારે સંબંધિત જાહેર સત્તામંડળો દ્વારા નિયંત્રણ હેઠળની કચેરી દ્વારા પુરી પાડવાની થતી સેવાઓ માટે સેવા પુરી પાડનાર અધિકારી / મુકરર અધિકારીઓ(Designated officer), ફરીયાદ નિવારણ અધિકારીઓ (Grievances Redressal Officer), મુકરર સત્તાધિકારીઓ (Designated Authority)ની નિમણુકોના હુકમો પણ કરવામાં આવેલ છે.

૨. ઉપર્યુક્ત અધિનિયમની કલમ-૪,કલમ-૫,કલમ-૬ અને કલમ-૯(૨) મુજબ, જાહેર સત્તામંડળોએ રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, નોટીફાઇડ એરીયા, પંચાયતોનાં તમામ વહીવટી એકમો અથવા કચેરીઓમાનાં અને એવી બીજી કચેરીઓમાંના તેના સેવા પુરી પાડનાર અધિકારીઓ / મુકરર અધિકારીઓ, ફરીયાદ નિવારણ અધિકારીઓ અને મુકરર સત્તાધિકારીઓનાં નામ અને સરનામાં પ્રસિધ્ધ કરવાનાં રહે છે. સેવા પુરી પાડનાર અધિકારીઓ / મુકરર અધિકારીઓ અને ફરીયાદ નિવારણ અધિકારીઓનાં નામ,સરનામાં,ઇ-મેઇલ આઇ.ડી.,ટેલીફોન નંબર, ફેક્સ નંબર દરેક જાહેર સત્તામંડળ અથવા કસ્ટમર કેર સેન્ટર અથવા હેલ્પ ડેસ્ક અથવા જનસેવા કેન્દ્ર (જો હોઇ તો) અને તેની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાનાં રહે છે.

જ્યારે ગુજરાત ( જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર ) અધિનિયમ,૨૦૧૩ ના નિયમની જોગવાઇ અનુસાર દરેક જાહેર સત્તામંડળના સેવા પુરી પાડનાર અધિકારી / મુકરર અધિકારી અને તેના તાબાના જાહેર (રાજ્ય) સેવકે, સામાન્ય જનતાની સુગમતા માટે, તેમની કચેરી દ્વારા પુરી પાડવાની થતી સેવાઓના સંબંધમાં નિયમો સાથે જોડેલ નમુના-ક મુજબની સંબંધિત તમામ માહિતી, કચેરીની બહારની બાજુએ નોટીસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાની રહે છે. અરજીઓ સ્વીકારવા માટે નિયત અરજીપત્રકોની નકલો પુરતી સંખ્યામાં કાઉન્ટર પર ઉપલબ્ધ રાખવાની રહે છે.

૩. આ બાબતે યોગ્ય કામગીરી થાય તે માટે વંચાણમા લીધેલ ક્રમાંક: (૨) સામેના તા.૨૬/૦૫/૨૦૧૬ ના પરીપત્રથી સુચનાઓ આપવામાં આવી છે તેમ છતાં રાજ્ય સરકારના ધ્યાન પર આવેલ છે કે સરકારની સ્થાયી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી. આથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરીકોનો અધિકાર) અધિનિયમ,૨૦૧૩ અંતર્ગત સેવા પુરી પાડનાર અધિકારી/મુકરર અધિકારીઓ,ફરીયાદ નિવારણ અધિકારીઓ વિગેરેના ડિસ્પ્લે બોર્ડ મુકવા નીચે મુજબની સુચનાઓ પુન: આપવામાં આવે છે.

૪. ઉપર ફકરા-૨માં જણાવ્યા મુજબ નાગરીકોને પુરી પાડવાની સેવાઓ જાહેર કરતાં જાહેરનામાં તા.૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આથી, ઉપર ફકરા-૨માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી તા. ૩૧-૦૧-૨૦૧૯ સુધીમાં અચુક પુરી કરવા માટે સચિવાલયનાં તમામ વહીવટી વિભાગો, ખાતાના વડાઓને / કચેરીના વડાઓને આથી સૂચના આપવામાં આવે છે. ખાતાના વડાઓએ આ સુચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કચેરીના વડાઓના ધ્યાને લાવવાની રહેશે અને તેનું અચુક પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એસ.પ્રજાપતિ)
સંયુક્ત સચિવ(વસુતાપ્ર-૪)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.

માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,સોલા,અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ

સર્વે ખાતાના વડાઓ

સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે જિલ્લા પોલિસ અધિક્ષકશ્રીઓ

સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ

} તેઓ હેઠળની તમામ કચેરીઓના ધ્યાને લાવવાની તથા તેનુ પાલન થાય તે જોવાની વિનંતીસહ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.

પસંદગી ફાઇલ.

*પત્ર દ્વારા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.